Article

# History of the Women's Movement in Gujarat (After 1950): Social Transformation in the Post-Independence Period

# ગુજરાતમાં મહિલા આંદોલનનો ઇતિહાસ (1950 પછી): સ્વાતંત્ર્ય પછીનું સામાજિક પરિવર્તન

Research Review Journal of Interdisciplinary Studies
double-blind peer-reviewed and refereed online quarterly Journal
ISSN (online): 3108-0472
1(2) 1-5, 2025
©The Author(s) 2025
10.31305/rrjis.2025.v1.n2.001
https://rrjournals.in/

**Received:** 12 Jul, 2025
**Revised:** 5 Aug, 2025
**Accepted:** 17 Sep, 2025
**Published:** 30 Sep, 2025

*Dr. Sunitaben Mohanbhai Piyaja

*Assistant Professor, S. S. Mehta Arts and M. M. Patel Commerce College, Himmatnagar*

**Abstract:** *The women's movement that developed in Gujarat after Independence was not confined merely to the struggle for legal rights; rather, it emerged as a significant social process that brought about deep and lasting changes in social attitudes, economic structures, and political participation. In the period after 1950, notable transformations occurred in the social status of women due to the expansion of education, industrialization, the cooperative movement, self-help groups, and the growth of democratic institutions. The objective of this research paper is to analyze the historical development of the women's movement in Gujarat after 1950. The study particularly focuses on women's education, economic self-reliance, the role of the cooperative movement in rural areas, and factors contributing to political awareness. Based on secondary sources, the study reveals that the greatest achievement of the women's movement in Gujarat lies not merely in legal reforms, but more significantly in the psychological shift in social thinking and perspectives. This transformation has provided a new direction to the social structure of modern Gujarat.*

**Keywords:** *Women's movement, Gujarat, post-Independence period, social transformation, women's empowerment, gender awareness*

**Abstract in Gujarati Language:** *સ્વાતંત્ર્ય પછી ગુજરાતમાં વિકસેલું મહિલા આંદોલન માત્ર કાનૂની અધિકારો મેળવવાની ચળવળ પૂરતું સીમિત રહ્યું નથી, પરંતુ તે સમાજની માનસિકતા, આર્થિક રચના અને રાજકીય ભાગીદારીમાં ઊંડો અને સ્થાયી ફેરફાર લાવનાર એક મહત્વપૂર્ણ સામાજિક પ્રક્રિયા રહી છે. 1950 પછીના સમયગાળામાં શિક્ષણના વિસ્તરણ, ઉદ્યોગીકરણ, સહકાર આંદોલન, સ્વસહાય જૂથો અને લોકશાહી સંસ્થાઓના વિકાસને કારણે મહિલાઓની સામાજિક સ્થિતિમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું. આ સંશોધન પેપરનો હેતુ 1950 પછી ગુજરાતમાં મહિલા આંદોલનના ઐતિહાસિક વિકાસનું વિશ્લેષણ*

*Corresponding Author
Dr. Sunitaben Mohanbhai Piyaja, Assistant Professor, S. S. Mehta Arts and M. M. Patel Commerce College, Himmatnagar
sunitapiyaja@gmail.com



Creative Commons Non Commercial CC BY-NC: This article is distributed under the terms of the Creative Commons Attribution-Non Commercial 4.0 License (http://www.creativecommons.org/licenses/by-nc/4.0/) which permits non-Commercial use, reproduction and distribution of the work without further permission provided the original work is attributed.

Scan and Access

*કરવો છે. તેમાં ખાસ કરીને સ્ત્રી શિક્ષણ, આર્થિક સ્વાવલંબન, ગ્રામ્ય વિસ્તારોમાં સહકાર આંદોલનની ભૂમિકા તથા રાજકીય જાગૃતિના પરિબળોને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે. દ્વિતીયક સ્ત્રોતોના આધારે કરવામાં આવેલ આ અભ્યાસ દર્શાવે છે કે ગુજરાતમાં મહિલા આંદોલનની સૌથી મોટી સિદ્ધિ કાયદાકીય સુધારાઓ કરતાં વધુ સમાજની વિચારસરણી અને દૃષ્ટિકોણમાં આવેલ માનસિક પરિવર્તન છે, જેણે આધુનિક ગુજરાતના સામાજિક બંધારણને નવી દિશા આપી છે.*

Keywords: *મહિલા આંદોલન, ગુજરાત, સ્વાતંત્ર્ય પછી, સામાજિક પરિવર્તન, સ્ત્રી સશક્તિકરણ, લિંગ જાગૃતિ*

## 1 | પ્રસ્તાવના

સ્વાતંત્ર્ય પછી ભારતીય સમાજ એક નવી સામાજિક, રાજકીય અને આર્થિક રચનાના તબક્કામાં પ્રવેશ્યો. પરંપરાગત સામાજિક બંધારણોમાં બંધાયેલી સમાજવ્યવસ્થાને લોકશાહી મૂલ્યો, સંવિધાનિક અધિકારો અને આધુનિક શિક્ષણના પ્રભાવ હેઠળ ફરીથી ગોઠવવાની પ્રક્રિયા શરૂ થઈ. ગુજરાત, જે તે સમયે બોમ્બે રાજ્યનો ભાગ હતું, તેમાં પણ આ પરિવર્તનની અસર સ્પષ્ટ રીતે જોવા મળે છે.

પરંપરાગત ગુજરાતીમાં સ્ત્રીની ભૂમિકા મુખ્યત્વે ઘર, કુટુંબ અને સંસ્કાર સુધી મર્યાદિત માનવામાં આવતી હતી. સામાજિક નિયંત્રણો, પિતૃસત્તાક વ્યવસ્થા અને ધાર્મિક-સાંસ્કૃતિક માન્યતાઓ સ્ત્રીના જાહેર જીવનમાં પ્રવેશને અવરોધતી હતી. પરંતુ સ્વાતંત્ર્ય પછી શિક્ષણના વિસ્તરણ, શહેરીકરણ, ગાંધીય વિચારધારા અને લોકશાહી સંસ્થાઓના વિકાસથી મહિલાઓમાં નવી ચેતનાનો ઉદય થયો .

ગુજરાતમાં મહિલા આંદોલન કોઈ એક દિવસમાં થયેલી ક્રાંતિ નહોતું, પરંતુ ધીમે ધીમે વિકસતી અને વિસ્તરતી એક સામાજિક પ્રક્રિયા હતી. આ પ્રક્રિયાએ સ્ત્રીને માત્ર પરંપરાગત ભૂમિકામાંથી બહાર લાવીને સજાગ નાગરિક, કાર્યકર અને સમાજની સક્રિય સહભાગી તરીકે સ્થાપિત કરી. આ અભ્યાસ મહિલા આંદોલનને સામાજિક પરિવર્તનના એક મહત્વપૂર્ણ સાધન તરીકે સમજવાનો પ્રયત્ન કરે છે

## 2 | અભ્યાસના હેતુઓ

1. સ્વાતંત્ર્ય પછી ગુજરાતમાં મહિલા આંદોલનના ઐતિહાસિક વિકાસનું વિશ્લેષણ કરવું.
2. સ્ત્રી શિક્ષણ અને આર્થિક સ્વાવલંબનની ભૂમિકા સમજાવવી.
3. ગ્રામ્ય ગુજરાતમાં સહકાર અને સ્વસહાય જૂથોના પ્રભાવનું મૂલ્યાંકન કરવું.
4. રાજકીય જાગૃતિ અને કાનૂની પરિવર્તનના પરિણામોનું અધ્યયન કરવું.
5. મહિલા આંદોલનથી થયેલા માનસિક અને સામાજિક પરિવર્તનને ઉજાગર કરવું.

## 3 | સંશોધન પદ્ધતિ

આ સંશોધન સંપૂર્ણપણે દ્વિતીયક સ્ત્રોતો પર આધારિત છે. પુસ્તકો, સંશોધન લેખો, સરકારી અહેવાલો અને મહિલા અભ્યાસ સંબંધિત સાહિત્યનો ઉપયોગ કરીને માહિતી એકત્રિત કરવામાં આવી છે. વર્ણનાત્મક તથા વિશ્લેષણાત્મક પદ્ધતિ અપનાવીને, ઐતિહાસિક તથ્યોને સમાજશાસ્ત્રીય દૃષ્ટિ સાથે જોડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## 4 | સ્વાતંત્ર્ય પછી ગુજરાતમાં મહિલા ચેતનાનો ઉદય

સ્વાતંત્ર્ય પછીના આરંભિક વર્ષોમાં ગુજરાતની મહિલાઓ પરંપરાગત કુટુંબ વ્યવસ્થામાં બંધાયેલી હતી. તેમ છતાં, શિક્ષણના વિસ્તરણ અને સામાજિક સુધારણા આંદોલનોના કારણે મહિલાઓમાં જાગૃતિ વધવા લાગી. શરૂઆતમાં મહિલા મંડળો અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા સાક્ષરતા, આરોગ્ય અને કુટુંબ કલ્યાણ જેવા મુદ્દાઓ પર કાર્ય કરવામાં આવ્યું આ પ્રયત્નોએ ધીમે ધીમે સ્ત્રીઓને પોતાના અધિકારો વિશે વિચારવા પ્રેરિત કરી. સ્ત્રી હવે માત્ર સહનશીલ પાત્ર નહીં રહી, પરંતુ સજાગ નાગરિક તરીકે સમાજમાં પોતાની ભૂમિકા શોધવા લાગી.

## 5 | શિક્ષણ અને આર્થિક સ્વાવલંબન: મહિલા આંદોલનનો આધારસ્તંભ

ગુજરાતમાં મહિલા આંદોલનના વિકાસમાં સ્ત્રી શિક્ષણ અને આર્થિક સ્વાવલંબનનો ફાળો અત્યંત મહત્વપૂર્ણ રહ્યો છે. સ્વાતંત્ર્ય પછીના સમયમાં રાજ્યમાં શિક્ષણને સામાજિક પરિવર્તનનું મુખ્ય સાધન માનવામાં આવ્યું, જેના પરિણામે છોકરીઓ માટે શાળાઓ, કોલેજો અને તાલીમ કેન્દ્રોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો. પરંપરાગત સમાજવ્યવસ્થામાં જ્યાં સ્ત્રીને ઘરકામ અને કુટુંબની જવાબદારીઓ સુધી મર્યાદિત રાખવામાં આવતી હતી, ત્યાં શિક્ષણએ તેને વિચારશીલ, સજાગ અને સ્વતંત્ર વ્યક્તિત્વ તરીકે ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.શિક્ષણ દ્વારા સ્ત્રીઓમાં આત્મવિશ્વાસનો વિકાસ થયો. શિક્ષિત સ્ત્રીઓએ માત્ર સાક્ષરતા હાંસલ કરી એટલું જ નહીં, પરંતુ પોતાની પરિસ્થિતિને સમજવાની, પ્રશ્ન ઉઠાવવાની અને નિર્ણય લેવાની ક્ષમતા વિકસાવી. આ પ્રક્રિયાએ પરિવારની અંદર શક્તિ સંબંધોમાં પણ ફેરફાર લાવ્યો. જ્યાં પહેલાં પુરુષો નિર્ણાયક ભૂમિકા ભજવતા હતા, ત્યાં હવે શિક્ષિત સ્ત્રીઓની સલાહ અને અભિપ્રાયને મહત્વ મળવા લાગ્યું. આ રીતે શિક્ષણ સ્ત્રીને માત્ર વ્યક્તિગત રીતે નહીં, પરંતુ સામૂહિક રીતે પણ સશક્ત બનાવનાર પરિબળ બની રહ્યું.

આર્થિક સ્વાવલંબન મહિલા આંદોલનનો બીજો મહત્વપૂર્ણ આધારસ્તંભ છે. સ્વાતંત્ર્ય પછી ગુજરાતમાં ઉદ્યોગીકરણ અને સહકાર આંદોલનના વિસ્તરણથી મહિલાઓ માટે રોજગાર અને આવકના નવા અવસરો સર્જાયા. ખાસ કરીને દૂધ ઉત્પાદન, હસ્તકલા, કતકામ, ખાદ્ય પ્રક્રિયા અને નાના કક્ષાના ઉદ્યોગોમાં મહિલાઓની ભાગીદારી નોંધપાત્ર રીતે વધી. સહકારી સંસ્થાઓ અને સ્વસહાય જૂથોએ મહિલાઓને નાણાકીય તાલીમ, બચતની આદત અને આવક સંચાલનની સમજ આપી, જેના કારણે તેઓ ધીમે ધીમે આર્થિક રીતે સ્વતંત્ર બનતી ગઈ.આર્થિક સ્વાવલંબનથી સ્ત્રીની સામાજિક સ્થિતિમાં મૂળભૂત ફેરફાર આવ્યો. જ્યારે સ્ત્રી પરિવારની આવકમાં યોગદાન આપનાર બની, ત્યારે તેની ઓળખ માત્ર આશ્રિત સભ્ય તરીકે નહીં રહી, પરંતુ જવાબદાર અને ઉપયોગી સહભાગી તરીકે સ્થાપિત થઈ. આથી સ્ત્રીઓને પરિવાર અને સમાજ બંને સ્તરે પ્રતિષ્ઠા મળી. આર્થિક સ્વતંત્રતાએ સ્ત્રીઓને પોતાના જીવન સંબંધિત નિર્ણયો—જેમ કે શિક્ષણ, આરોગ્ય, લગ્ન અને રોજગાર—વિશે વધુ સક્રિય ભૂમિકા ભજવવાની શક્તિ આપી.

આ રીતે શિક્ષણ અને આર્થિક સ્વાવલંબન એકબીજાને પૂરક બનીને ગુજરાતના મહિલા આંદોલનને મજબૂત આધાર પૂરો પાડે છે. શિક્ષણે વિચારશક્તિ અને જાગૃતિ આપી, જ્યારે આર્થિક સ્વાવલંબને વ્યવહારિક સ્વતંત્રતા અને સામાજિક માન્યતા આપી. બંને પરિબળોએ મળીને સ્ત્રીને પરંપરાગત બંધારણોમાંથી બહાર લાવીને સશક્ત, સજાગ અને આત્મનિર્ભર નાગરિક તરીકે સ્થાપિત કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે

## 6 | સહકાર અને સામૂહિક શક્તિ: ગ્રામ્ય ગુજરાતમાં પરિવર્તન

ગુજરાતના મહિલા આંદોલનની એક વિશિષ્ટતા એ છે કે તે માત્ર શહેરી મધ્યવર્ગીય સ્ત્રીઓ સુધી સીમિત ન રહ્યો, પરંતુ ગ્રામ્ય વિસ્તારો સુધી વ્યાપક રીતે વિસ્તર્યો. સ્વાતંત્ર્ય પછીના સમયમાં ગુજરાતમાં વિકસેલું સહકાર આંદોલન, ખાસ કરીને દૂધ ઉત્પાદન ક્ષેત્રે, ગ્રામ્ય મહિલાઓ માટે સામૂહિક શક્તિનું એક મજબૂત મંચ બન્યું. આ આંદોલને મહિલાઓને વ્યક્તિગત સ્તરે નહીં પરંતુ સંગઠિત સ્વરૂપે સશક્ત બનાવવાનો માર્ગ ખુલ્લો કર્યો.

પરંપરાગત ગ્રામ્ય સમાજમાં મહિલાઓનું જીવન મોટેભાગે ઘરકામ, ખેતીમાં સહાય અને કુટુંબની અંદર સીમિત હતું. તેમનો આર્થિક ફાળો મહત્વપૂર્ણ હોવા છતાં તે ઘણીવાર અદૃશ્ય અને અવમૂલ્યિત ગણાતો હતો. સહકારી સંસ્થાઓ અને સ્વસહાય જૂથોના માધ્યમથી મહિલાઓ પહેલીવાર સંગઠિત રીતે જાહેર આર્થિક પ્રવૃત્તિમાં જોડાઈ. દૂધ મંડળીઓ, મહિલા મંડળો અને સ્વસહાય જૂથોએ મહિલાઓને બચત, ધિરાણ, ઉત્પાદન અને વિતરણ જેવી પ્રક્રિયાઓમાં સક્રિય ભાગ લેવાની તક આપી.આ પ્રક્રિયાનો એક મહત્વપૂર્ણ પાસું નાણાકીય જાગૃતિનો વિકાસ હતો. સ્વસહાય જૂથો દ્વારા મહિલાઓએ બચત કરવાની આદત વિકસાવી, બેંકિંગ પ્રક્રિયાઓ વિશે જાણકારી મેળવી અને નાણાકીય આયોજનની સમજ પ્રાપ્ત કરી. આ સાથે તાલીમ કાર્યક્રમો દ્વારા તેમને ઉત્પાદન ગુણવત્તા, બજાર સાથે જોડાણ અને વ્યવસાયિક કુશળતા વિકસાવવાનો અવસર મળ્યો. આથી મહિલાઓ માત્ર શ્રમિક તરીકે નહીં, પરંતુ આયોજનકાર અને નિર્ણયકાર તરીકે પણ ઉભરી આવી.સહકાર આંદોલને મહિલાઓને નિર્ણય

પ્રક્રિયામાં ભાગ લેવાની તક આપી, જે ગ્રામ્ય સમાજમાં એક મહત્વપૂર્ણ સામાજિક પરિવર્તનનું સૂચક છે. સહકારી સંસ્થાઓની બેઠક, સભા અને સંચાલન પ્રક્રિયામાં મહિલાઓની હાજરીએ તેમની આત્મવિશ્વાસમાં વધારો કર્યો. પરિણામે, ઘરઆંગણે લેવાતા નિર્ણયો—જેમ કે બાળકોનું શિક્ષણ, આરોગ્ય ખર્ચ અથવા ઘરખર્ચ—માં પણ મહિલાઓની ભૂમિકા મજબૂત બનતી ગઈ.

આ સમગ્ર પ્રક્રિયાએ ગ્રામ્ય સમાજમાં સ્ત્રીની ઓળખને નવી દિશા આપી. સ્ત્રી હવે માત્ર ઘરકામ કરનાર અથવા ખેતીમાં સહાયક તરીકે નહીં રહી, પરંતુ ગામની અર્થવ્યવસ્થાની સક્રિય સહભાગી બની. આર્થિક સહભાગિતાના પરિણામે સ્ત્રીને સામાજિક માન્યતા અને પ્રતિષ્ઠા મળી, જે મહિલા આંદોલન માટે મહત્વપૂર્ણ સિદ્ધિ ગણાય છે.આ રીતે સહકાર અને સામૂહિક શક્તિએ ગ્રામ્ય ગુજરાતમાં મહિલા સશક્તિકરણને મજબૂત આધાર પૂરો પાડ્યો. સહકાર આંદોલન દ્વારા વિકસેલી સામૂહિક ચેતનાએ મહિલા આંદોલનને શહેરોની સીમાઓથી બહાર લાવીને સમગ્ર ગુજરાતનું વ્યાપક સામાજિક પરિવર્તન બનાવ્યું.

## 7 | રાજકીય જાગૃતિ અને કાનૂની પરિવર્તન

મહિલા આંદોલનનો એક મહત્વપૂર્ણ અને નિર્ણાયક તબક્કો રાજકીય જાગૃતિના વિકાસ સાથે ગાઢ રીતે જોડાયેલો છે. સ્વાતંત્ર્ય પછીના પ્રારંભિક સમયમાં મહિલાઓની રાજકીય ભાગીદારી સીમિત અને પ્રતીકાત્મક હતી, પરંતુ સમય જતાં મહિલા આંદોલનના સતત પ્રયાસો દ્વારા સ્ત્રીઓ જાહેર જીવનમાં સક્રિય ભૂમિકા ભજવવા લાગી. ખાસ કરીને પંચાયતી રાજ સંસ્થાઓમાં મહિલાઓ માટે આરક્ષણની વ્યવસ્થાએ રાજકીય ક્ષેત્રમાં સ્ત્રી ભાગીદારીને નવી દિશા આપી.પંચાયત, તાલુકા અને જિલ્લા સ્તરે મહિલાઓની ચૂંટણીઓથી ગ્રામ્ય અને અર્ધશહેરી વિસ્તારોમાં સ્ત્રીઓએ પ્રથમ વખત ઔપચારિક રાજકીય સત્તાનો અનુભવ કર્યો. આ પ્રવેશ માત્ર સંખ્યાંક વધારાનો મુદ્દો નહોતો, પરંતુ તેણે રાજકારણના સ્વરૂપમાં મૂળભૂત ફેરફાર લાવ્યો. મહિલાઓના આગમન સાથે પીવાનું પાણી, આરોગ્ય, સાક્ષરતા, બાળકોનું શિક્ષણ, સ્વચ્છતા અને ઘરેલુ હિંસા જેવા મુદ્દાઓ રાજકીય ચર્ચાના કેન્દ્રમાં આવ્યા. આ મુદ્દાઓ અગાઉ ખાનગી અથવા “ઘરેલુ” ગણાતા હતા, પરંતુ મહિલા પ્રતિનિધિઓએ તેમને જાહેર અને નીતિગત પ્રશ્નો તરીકે રજૂ કર્યા.

મહિલાઓની રાજકીય હાજરીએ સ્થાનિક શાસનમાં જવાબદારી અને સંવેદનશીલતા વધારી. સ્ત્રી પ્રતિનિધિઓએ સમુદાયના દૈનિક જીવન સાથે સીધા સંકળાયેલા પ્રશ્નોને પ્રાધાન્ય આપ્યું, જેના પરિણામે વિકાસની સમજ વધુ માનવીય અને સમાવેશક બની. આ પ્રક્રિયાએ રાજકારણને માત્ર સત્તા અને નિયંત્રણનું સાધન નહીં, પરંતુ સામાજિક સમસ્યાઓના ઉકેલનું મંચ બનાવ્યું.મહિલા આંદોલનના દબાણથી કાનૂની અને સામાજિક જાગૃતિમાં પણ નોંધપાત્ર વધારો થયો. દહેજ પ્રથા, ઘરેલુ હિંસા અને સ્ત્રી પર થતા અન્ય અત્યાચાર અંગે સમાજમાં ખુલ્લી ચર્ચા થવા લાગી. ભલે કાયદાકીય સુધારાઓ ધીમે ધીમે અમલમાં આવ્યા હોય, પરંતુ મહિલા આંદોલનના પ્રયાસોથી આ મુદ્દાઓને સામાજિક સ્વીકાર્યતા મળી. સ્ત્રીઓ હવે આ પ્રકારની હિંસા સામે અવાજ ઉઠાવતી થઈ, અને સમાજમાં પણ તેને વ્યક્તિગત મુદ્દા તરીકે નહીં પરંતુ સામાજિક અણ્યાય તરીકે જોવાની દૃષ્ટિ વિકસતી ગઈ.

આ રીતે રાજકીય જાગૃતિ અને કાનૂની ચેતનાએ મહિલા આંદોલનને નવી ઊંચાઈ આપી. રાજકીય ભાગીદારી દ્વારા સ્ત્રીઓએ માત્ર સત્તામાં સ્થાન મેળવ્યું એટલું જ નહીં, પરંતુ સમાજના મૂલ્યતંત્રને પડકાર્યો. મહિલા આંદોલનનો આ તબક્કો એ સાબિત કરે છે કે સાચું સશક્તિકરણ ત્યારે જ શક્ય બને છે જ્યારે સ્ત્રીને નિર્ણય પ્રક્રિયામાં સક્રિય ભાગીદાર બનાવવામાં આવે.

## 8 | માનસિક પરિવર્તન: મહિલા આંદોલનની સૌથી મોટી સિદ્ધિ

ગુજરાતમાં મહિલા આંદોલનની સૌથી મહત્વપૂર્ણ અને દીર્ઘકાલીન સિદ્ધિ માનસિક પરિવર્તન ગણાય છે. કાનૂની સુધારાઓ, સંસ્થાગત વ્યવસ્થાઓ અને આર્થિક સશક્તિકરણ મહત્વપૂર્ણ હોવા છતાં, સમાજની વિચારસરણીમાં આવેલ ફેરફાર મહિલા આંદોલનની સૌથી ઊંડાણસભર અસર દર્શાવે છે. સ્વાતંત્ર્ય પછીના સમયમાં સ્ત્રીને મુખ્યત્વે ઘર અને કુટુંબની મર્યાદાઓમાં જ જોવામાં આવતી હતી. તેની ઓળખ “સહનશીલતા” અને “ત્યાગ” સાથે જોડાયેલી હતી, જ્યારે જાહેર જીવનમાં તેની ભૂમિકા અતિ સીમિત માનવામાં આવતી.મહિલા આંદોલનના સતત પ્રયત્નોથી આ પરંપરાગત દૃષ્ટિકોણમાં ધીમે ધીમે પરિવર્તન

આવતું ગયું. શિક્ષણ, આર્થિક સ્વાવલંબન અને રાજકીય ભાગીદારીના વિસ્તરણથી સ્ત્રી હવે માત્ર ઘરગથ્થુ ભૂમિકામાં બંધાયેલી વ્યક્તિ તરીકે નહીં, પરંતુ સમાજના વિકાસમાં સક્રિય સહભાગી તરીકે જોવામાં આવવા લાગી. શિક્ષિકા, પ્રશાસનિક અધિકારી, ઉદ્યોગસાહસિક, વૈજ્ઞાનિક અને રાજકીય નેતા તરીકે સ્ત્રીઓની વધતી હાજરીએ સમાજની માન્યતાઓને પડકાર્યો અને નવી શક્યતાઓનું દ્વાર ખોલ્યું.

આ માનસિક પરિવર્તન અચાનક અથવા સહજ રીતે આવ્યું નથી. તે સતત સંઘર્ષ, સંવાદ અને સામાજિક જાગૃતિનું પરિણામ છે. મહિલા આંદોલને પરંપરાગત માન્યતાઓ સામે પ્રશ્નો ઊભા કર્યા અને ચર્ચાના માધ્યમથી સમાજને આત્મમંથન કરવા પ્રેરિત કર્યો. સ્ત્રી સંબંધિત મુદ્દાઓ—જેમ કે શિક્ષણ, સુરક્ષા, સ્વાભિમાન અને સ્વતંત્રતા—હવે માત્ર "સ્ત્રી પ્રશ્ન" નહીં રહ્યા, પરંતુ સમગ્ર સમાજના પ્રશ્ન તરીકે સ્વીકારવામાં આવવા લાગ્યા.માનસિક પરિવર્તનનું મહત્વ એમાં છે કે તે કાયદા અથવા નીતિ કરતા વધુ સ્થાયી અસર કરે છે. કાયદા સમય સાથે બદલાઈ શકે છે, પરંતુ સમાજની વિચારસરણી બદલાય ત્યારે તે વર્તન, સંબંધો અને મૂલ્યતંત્રને પણ અસર કરે છે. ગુજરાતમાં મહિલા આંદોલનના પરિણામે સમાજમાં એવો વિચાર મજબૂત થયો છે કે સ્ત્રી સક્ષમ, જવાબદાર અને સ્વતંત્ર નિર્ણય લેનાર વ્યક્તિ છે. આ વિચાર જ મહિલા આંદોલનની સાચી સફળતા અને દીર્ઘકાલીન વિજય ગણાય છે.

આ રીતે માનસિક પરિવર્તન મહિલા આંદોલનનો આધાર અને પરાકાષ્ઠા બંને છે. તે બતાવે છે કે સામાજિક પરિવર્તનનું સાચું માપદંડ કાયદાની સંખ્યામાં નહીં, પરંતુ લોકોના વિચારો અને દૃષ્ટિકોણમાં થયેલા પરિવર્તનમાં નિહિત છે.

## 9 | નિષ્કર્ષ

ગુજરાતમાં મહિલા આંદોલનનો ઇતિહાસ સાબિત કરે છે કે સામાજિક પરિવર્તન લાંબી અને સતત પ્રક્રિયા છે. પરંપરાગત અવરોધો વચ્ચે પણ ગુજરાતની મહિલાઓએ શિક્ષણ, આર્થિક સ્વાવલંબન અને રાજકીય ભાગીદારી દ્વારા પોતાની સામાજિક ઓળખ મજબૂત બનાવી. આ અભ્યાસ દર્શાવે છે કે મહિલા આંદોલન માત્ર નીતિ કે કાયદાઓ સુધી સીમિત ન રહી, પરંતુ તેણે સમાજની માનસિકતા બદલવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

## સંદર્ભ સૂચિ


[1] દેસાઈ, અર્ચના. (2001). *સ્ત્રી અભ્યાસ અને સામાજિક પરિવર્તન.* અમદાવાદ: ગુજરાતી સાહિત્ય પરિષદ.

[2] દવે, રેખા. (2005). *સ્વાતંત્ર્ય પછી ગુજરાતમાં મહિલા અને સામાજિક પરિવર્તન.* અમદાવાદ: સેન્ટર ફોર વુમન્સ સ્ટડીઝ, ગુજરાત યુનિવર્સિટી.

[3] ગુજરાત સરકાર. (2002). *ગુજરાતમાં મહિલા વિકાસ: નીતિ અને કાર્યક્રમો (1960–2000).* ગાંધીનગર: મહિલા અને બાળ વિકાસ વિભાગ.

[4] કુરિયન, થોમસ. (1999). *ગુજરાતમાં સહકાર આંદોલન.* અમદાવાદ: ગુજરાત સરકાર.



*Cite this article*

Piyaja, S. M. (2025). History of the Women's Movement in Gujarat (After 1950): Social Transformation in the Post-Independence Period: ગુજરાતમાં મહિલા આંદોલનનો ઇતિહાસ (1950 પછી): સ્વાતંત્ર્ય પછીનું સામાજિક પરિવર્તન. *Research Review Journal of Interdisciplinary Studies*, *1*(2), 01-05. https://doi.org/10.31305/rrjis.2025.v1.n2.001